# માર્ચ

# ૨૦૧૬

# બજેટ વિશેષાંક

- બજેટ ૨૦૧૬-૧૭
- રેલ બજેટ ૨૦૧૬-૧૭

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# માર્ચ ૨૦૧૬

**-: વિશેષ આકર્ષણ :-**

બજેટ ૨૦૧૬-૧૭
રેલ બજેટ ૨૦૧૬-૧૭
ઓસ્કાર એવોર્ડ
બાફટા એવોર્ડ

We are famous for...
The Most IMP,
Authentic,
To the point,
Up to date
Material




www.crackgpsc.com

# Most Imp Current Affairs – March 2016

- અમેરિકાની મહત્વાકાંક્ષી યોજના કોમ્પ્યુટર સાયન્સ ફોર ઓલમાં ભારતની ત્રણ પ્રમુખ આઈટી કંપનીઓ ઇન્ફોસિસ, TCS, અને વિપ્રો સામેલ. આના અંતર્ગત શાળાઓમાં આ વિષય ભણાવવામાં આવશે.
- 30મા સુરજકુંડ આંતરરાષ્ટ્રીય શિલ્પ મેળા (2016)નું ઉદઘાટન કરવામાં આવ્યું. આમાં તેલંગાણા થીમ રાજ્ય છે.
- મુક્તેશ કુમાર પરદેશીની મેક્સિકોમાં ભારતના રાજદૂત તરીકે નિમણુક.
- આઈપીએલ સીઝન 9 માટે કિંગ્સ ઈલેવન પંજાબના મેન્ટર તરીકે વીરેન્દ્ર સહેવાગની નિમણુક. તેઓ ટેસ્ટ મેચમાં ત્રેવડી સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી છે.
- હોસ્પિટલ સર્વિસીસ કન્સલ્ટન્સી કોર્પોરેશન લિ. (HSCC)ને મિનિરત્ન શ્રેણી-1 પ્રદાન કરવામાં આવી.
- પેન્સીલવેનિયા યુનિવર્સીટી, અમેરિકા દ્વારા ભારતીય વિચાર સંસ્થા ઓબ્સર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) ભારતની શ્રેષ્ઠ તથા વિશ્વની છઠ્ઠી શ્રેષ્ઠ થિંક ટેન્ક સંસ્થા ઘોષિત. સૌથી વધુ થિંક ટેન્કવાળા દેશોમાં અમેરિકા પ્રથમ, ભારત ચોથા ક્રમે.
- 2 ફેબ્રુઆરી 2016ના રોજ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાનૂન (એમજીએનઆરઈજીએ) અમલમાં આવ્યે દસ વર્ષ પૂર્ણ થયાં.
- ભારતીય બેટ્સમેન ઋષભ પંત અન્ડર-19 વર્લ્ડ કપમાં નેપાળ સામે સૌથી ઝડપી અર્ધ સદી બનાવવાનો વિશ્વ વિક્રમ સ્થાપ્યો.
- અર્ચના રામાસુંદરમ અર્ધ સૈનિક ફોર્સનાં પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની સમજુતી અંતર્ગત બંને દેશોના રાજદ્વારીઓ વિઝા વગર એક બીજા દેશમાં યાત્રા કરી શકશે.
- વિયેતનામે ભારતીય મગફળીની આયાત પરથી પ્રતિબંધ દૂર કર્યો.
- WHOએ (વિશ્વ આરોગ્ય સંગઠને) જીકા વાયરસને કારણે આંતરરાષ્ટ્રીય કટોકટી જાહેર કરી. આ વાયરસ અત્યાર સુધી બ્રાઝિલ સહિત લેટિન અમેરિકાના 23 દેશોમાં ફેલાઈ ચુક્યો છે.

**જીકા વાયરસ :**

➢ જીકા વાયરસ વધુ મચ્છર ધરાવતા ઉષ્ણ કટિબંધીય વિસ્તારોમાં જોવા મળે છે.

➢ આ આફ્રિકા, અમેરિકા, દ. એશિયા અને પશ્ચિમ પ્રશાંત ક્ષેત્રમાં જોવા મળેલ છે.

www.crackgpsc.com

- આ વાયરસની શોધ 1947માં થઇ હતી.
- જીકા વાયરસ 'એડીઝ' મચ્છરથી ફેલાય છે.
- આ વાયરસને ફેલાવવામાં બે પ્રકારના એડીઝ મચ્છર સક્ષમ હોય છે - એડીઝ એઝીપ્ટી અને એડીઝ એલ્બોપિક્ટસ.
- મોટે ભાગે ઉષ્ણ કટિબંધીય અને ઉપોષ્ણ કટિબંધીય ક્ષેત્રોમાં એડીઝ એઝીપ્ટી મચ્છર દ્વારા જીકા ફેલાય છે.
- એડીઝ એઝીપ્ટી મચ્છર ઠંડી આબોહવામાં જીવી શકતા નથી. એડીઝ એલ્બોપિક્ટસ મચ્છર પોતાને હાયબરનેટ (ઠંડીમાં નિષ્ક્રિય રહેવું) કરી શકે છે અને ઠંડી આબોહવાવાળા ક્ષેત્રોમાં પણ જીવી શકે છે.
- આ વાયરસથી સૌથી વધુ જોખમ નવજાત શિશુઓ તથા ગર્ભવતી મહિલાઓને થાય છે.
- આ વાયરસથી અસરગ્રસ્ત નવજાત શિશુઓનાં માથાં નાનાં હોય છે તથા તેમનામાં રોગ પ્રતિકારક ક્ષમતાનો વિકાસ ન હોવાને કારણે તેમને બચાવવા પણ મુશ્કેલ હોય છે.

- ઉજ્જૈનની સૌમ્યા અગ્રવાલે સ્કીપીંગ રોપમાં એક મિનિટમાં 160 જમ્પ કરીને પોતાનું નામ ગોલ્ડન બુક ઓફ રેકોર્ડઝમાં નોંધાવ્યું.
- IPLની રાજકોટ ટીમનું નામ ગુજરાત લાયન્સ રાખવામાં આવ્યું. આ ટીમનો કેપ્ટન સુરેશ રૈનાને બનાવવામાં આવ્યો.
- RBIની નવી ક્રેડીટ પોલીસી : રેપો રેટમાં કોઈ બદલાવ નહિ (6.75%), રિવર્સ રેપો રેટ 5.75%, રોકડ અનામત ગુણોત્તર (CRR) 4%
- જય કુમાર ગર્ગ કોર્પોરેશન બેંકના CEO તથા MD તરીકે નિયુક્ત.
- RBIના ભૂતપૂર્વ ડેપ્યુટી ગવર્નર એસ. એસ. તારાપોરનું નિધન.
- વિશ્વ બેંકે ભારતીય નાગરિક સરોજ કુમાર ઝાને વિભાજન, વિવાદ અને હિંસા ગ્રુપના સિનીયર ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા.
- ભારત અને બ્રુનેઇએ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીની યાત્રા દરમ્યાન ત્રણ MOU : હેલ્થ, ડિફેન્સ, યુથ એન્ડ સ્પોર્ટ્સ અફેર્સ પર હસ્તાક્ષર કર્યા.
- અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘે (AIFF) પંજાબ, ચંડીગઢ, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશની ટીમોને વયથી વધુના ખેલાડીઓને સામેલ કરવા બદલ ચેમ્પિયનશિપમાંથી બરતરફ કરી.
- ભારતના મેજર જનરલ જય શંકર મેનનની સંયુક્ત રાષ્ટ્રોની ડીસેન્ગેજમેન્ટ ઓબ્ઝર્વર ફોર્સના અધ્યક્ષ તરીકે નિમણુક.

www.crackgpsc.com

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નેપાળ સેના પ્રમુખ જનરલ રાજેન્દ્ર છેત્રીને ભારતીય સેનાના માનદથી નવાજ્યા.
- ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ ડી. જગથીસા પાંડિયન એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકના ચીફ ઇન્વેસ્ટમેન્ટ ઓફિસર અને વાઈસ પ્રેસિડેન્ટ નિયુક્ત.
- અરુણા સેઠીની ICoAS (Indian Cost Accounts Service)ના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવી. આ પદ ગ્રહણ કરનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી છે.
- આંધ્રપ્રદેશમાં કાબુલી ચણાની મશીનથી લણી શકાય એવી પ્રથમ જાત NbeG 47 રીલીઝ કરવામાં આવી.
- ન્યાયાધીશ રમયગિરી સુભાષ રેડ્ડી ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ નિયુક્ત. હાલમાં ન્યાયાધીશ જયંત એમ પટેલ, ગુજરાત હાઈકોર્ટના કાર્યવાહક ચીફ જસ્ટિસ છે.

**મુખ્ય ન્યાયાધીશની નિમણુક :**

- ભારતના બંધારણની કલમ 217(1)ની જોગવાઈઓ અનુસાર ભારતના રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયાધીશ અને રાજ્યના રાજ્યપાલ સાથે વિચારણા કર્યા બાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણુક કરે છે.

- સારંગીવાદક ઉસ્તાદ પંડિત રામ નારાયણને પ્રખ્યાત ભારત રત્ન પંડિત ભીમસેન જોશી શાસ્ત્રીય સંગીત પુરસ્કાર 2015-16 માટે પસંદ કરવામાં આવ્યા.

**પંડિત રામનારાયણ :**

- પંડિત રામનારાયણે ભારતીય શાસ્ત્રીય સંગીતમાં એકલ સારંગી વાદનને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યંત લોકપ્રિય બનાવ્યું અને ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય સારંગી વાદક બન્યા.

**ભારત રત્ન ભીમસેન જોશી શાસ્ત્રીય સંગીત પુરસ્કાર :**

- એક વાર્ષિક પુરસ્કાર છે જે મહારાષ્ટ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે. આ શાસ્ત્રીય સંગીતમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે. જેમાં 5 લાખ રૂપિયા રોકડ, એક ટ્રોફી અને એક પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

**પંડિત ભીમસેન જોશી :**

- પંડિત ભીમસેન જોશીનો જન્મ કર્ણાટકના ગડગમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો. ભારતીય સંગીતને નવી ઓળખ આપનાર ભીમસેન જોશી પોતાના પ્રસિદ્ધ ગીત 'મિલે સૂર મેરા તુમ્હારા'થી જાણીતા છે. તેમને પદ્મ શ્રી, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ, ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા છે.

www.crackgpsc.com

- મુકેશ બંસલે ફ્લિપકાર્ટના કોમર્સ અને એડવર્ટાઈઝિંગના વડા પદેથી રાજીનામું આપ્યું.
- આલ્ફાબેટ ઇન્ક વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની બની. એણે એપલ ઇન્કને પાછળ કરી દીધી.

**આલ્ફાબેટ ઇન્ક :**

> - આ એક અમેરિકન કંપની છે જે ગુગલની પેરેન્ટ કંપની તરીકે વર્ષ 2015માં સ્થાપવામાં આવી હતી. આનુ મુખ્યાલય કેલિફોર્નીયામાં છે તથા તેના ફાઉન્ડર લેરી પેજ અને સેર્ગેય બ્રિન છે. લેરી પેજ આલ્ફાબેટના CEO બન્યા જ્યારે સુંદર પિચાઈ ગુગલના CEO બન્યા.

- કેન્દ્ર સરકારે એક રેન્ક એક પેન્શન (OROP) યોજના કાર્યાન્વિત કરવાની ઘોષણા કરી.
- મણિપુરી ડોકયુમેન્ટરી ફિલ્મ 'ફૂમ શેંગ'એ મુંબઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલમાં સર્વશ્રેષ્ઠ ડોકયુમેન્ટરી શ્રેણી હેઠળ ગોલ્ડન કોંચ પુરસ્કાર મેળવ્યો.
- બ્રાન્ડ ફાયનાન્સે ટીસીએસને આઈટી સેવા ઉદ્યોગમાં દુનિયાની સૌથી શક્તિશાળી બ્રાન્ડ તરીકે આંકી.
- હૈદરાબાદ સ્થિત ભારતની પ્રમુખ દવા કંપની ભારત બાયોટેકે જીકા વાયરસની રસી બનાવવાની ઘોષણા કરી.
- વડાપ્રધાન જન ધન યોજનાના સૌથી સફળ અમલીકરણ માટે 'પંજાબ નેશનલ બેંક' (PNB)ને સર્વોત્તમ બેંકનો પુરસ્કાર મળ્યો.
- ભારત થાઈલેન્ડમાં થનાર સંયુક્ત સૈન્ય અભ્યાસ 'કોબ્રા ગોલ્ડ'માં ભાગ લેશે. આ એશિયા પેસિફિક ક્ષેત્રનો સૌથી મોટો સૈન્ય અભ્યાસ છે.
- 4 ફેબ્રુઆરી 2016ના રોજ વિશ્વ કેન્સર દિવસ ઉજવાયો.


**વિશ્વ કેન્સર દિવસ :**

> - વિશ્વ કેન્સર દિવસ યુનિયન ફોર ઇન્ટરનેશનલ કેન્સર કંટ્રોલની એક પહેલ છે. આનો હેતુ વર્ષ 2020 સુધી કેન્સરથી થતા મૃત્યુ ઘટાડવાનો છે.
> - યુનિયન ફોર ઇન્ટરનેશનલ કેન્સર કંટ્રોલની સ્થાપના 1933માં જીનિવામાં થઇ હતી. હાલમાં 155 દેશોના 800થી વધુ સંગઠન આનાં સભ્ય છે.

- નાણા મંત્રાલયે યુ-ટ્યુબ ચેનલ લોન્ચ કરી.
- ફીફા વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય ટીમ 162મા ક્રમે.

www.crackgpsc.com

- સેબીએ મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીને મ્યુચ્યુઅલ ફંડનો વ્યવસાય શરુ કરવા માટે મંજુરી આપી.
- ઉત્તર કોરિયાએ વાંગયાંગસાંગ-4 ઉપગ્રહ લોન્ચ કર્યો. આ પૃથ્વીની દેખરેખ કરનાર ઉપગ્રહ છે. આનું નામ વર્તમાન નેતા કિમ યાંગના દિવંગત પિતા કિમ યાંગ-2ના નામ પરથી રાખવામાં આવેલ છે.
- વિખ્યાત કાર્ટૂનિસ્ટ સુધીર તૈલંગનું નિધન.
- ICCએ પાકિસ્તાનના લેગ સ્પિનર યાસીર શાહ પર પ્રતિબંધિત દવા ક્લોરટાલીડોનના સેવનના દોષ બદલ ત્રણ મહિના માટે પ્રતિબંધ લગાવ્યો.
- 12મા દ. એશિયન રમતોત્સવનો શિલોંગ (મેઘાલય)ના જવાહર લાલ નહેરુ સ્ટેડિયમમાં શુભારંભ.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓરિસ્સામાં ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)ની 34,555 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ અત્યાધુનિક પારાદીપ રિફાઇનરીને રાષ્ટ્રને સમર્પિત કરી. આથી ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને પાછળ છોડી દેશની સૌથી મોટી રિફાઇનરી કંપની બની ગઈ.
- મશરૂમ કૃષિ નિષ્ણાત વૈજ્ઞાનિક તરીકે પ્રસિદ્ધ માઈક્રોલોજીસ્ટ સી. બી. સુબ્રમણ્યમનું નિધન.
- કેન્દ્ર સરકારે નવી દિલ્હીમાં હિન્દી સહિત 12 આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં 24X7 ટોલ ફ્રી પર્યટક ઇન્ફોલાઈનનો શુભારંભ કર્યો.
- TRAIએ નેટ ન્યુટ્રલીટીનું સમર્થન કરતાં ટેલિકોમ કંપનીઓ પર ડેટાના દરોમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ કરવા ઉપર પ્રતિબંધ લગાવ્યો.
- ભારત અને ચીનની સેનાઓની પ્રથમ વ્યુહાત્મક સંયુક્ત અભ્યાસ 'શિનો ઇંડિયા કો-ઓપરેશન 2016' લદાખમાં થયો.

- ન્યુઝીલેન્ડ ક્રિકેટર બ્રેન્ડન મેક્કુલમે એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ લીધો.
- નેપાળના ભૂતપૂર્વ વડાપ્રધાન અને નેપાળી કોંગ્રેસના પ્રેસિડન્ટ સુશીલ કોઈરાલાનું નિધન.
- સાંસદ અને ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષ બૃજભૂષણ શરણસિંહને દક્ષિણ એશિયા કુસ્તી મહાસંઘ (SAWF)ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા.
- જોશના ચિન્નપ્પાએ દ. એશિયાઈ મહોત્સવમાં સ્ક્વોશ મહિલા એકલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો.
- સુપરમાર્કેટ્સ દ્વારા ખાદ્ય પદાર્થોની બરબાદીને પ્રતિબંધિત કરનાર ફ્રાન્સ પ્રથમ દેશ બન્યો.
- ગુગલમાં કાર્યરત ભારતીય મૂળના CEO સુંદર પિચાઈ અમેરિકામાં સૌથી વધુ કમાતા CEO બન્યા.
- રાજેન્દ્ર કુમાર પચૌરીને ઊર્જા અને સંસાધન સંસ્થા (ટેરી)ના કાર્યકારી ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કાર્યકારી ઉપાધ્યક્ષના પદની રચના તાજેતરમાં જ કરવામાં આવેલ છે અને રાજેન્દ્ર પચૌરી આ પદને ધારણ કરનાર પ્રથમ વ્યક્તિ છે. ટેરી ઊર્જા, પર્યાવરણ અને સતત વિકાસના ક્ષેત્રે અનુસંધાન કાર્યનું આયોજન કરે છે.
- દક્ષિણ આફ્રિકન ક્રિકેટર ક્વિન્ટન ડીકોકે વિરાટ કોહલીનો વન ડે ક્રિકેટમાં સૌથી નાની વયે 10 સદી બનાવવાનો રેકોર્ડ તોડ્યો.
- ભારતીય મૂળની મહિલા રાજદ્વારી હરીન્દર સિદ્ધુને ભારતમાં ઓસ્ટ્રેલિયાના આગામી હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ પદ ગ્રહણ કરનાર હરીન્દર સિદ્ધુ પ્રથમ ભારતીય મૂળનાં મહિલા છે.
- ભારત અને યુએઈએ નવ સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા જેમાં સાઈબર સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ, અક્ષય ઊર્જા અને ફાયનાન્સ સામેલ છે.
- વિપ્રોએ અમેરિકાની કંપની હેલ્થ પ્લાન સર્વિસીસનું અધિગ્રહણ કર્યું.
- વૈજ્ઞાનિકોએ ગુરુત્વાકર્ષી તરંગોની શોધ કરી. આ તરંગો બ્રહ્માંડમાં ભીષણ અથડામણથી ઉત્પન્ન થયા હતા. આનાથી બ્રહ્માંડનો અભ્યાસ કરવાના વધુ વિકલ્પો ઉત્પન્ન થયા છે.

**ગુરુત્વીય તરંગ :**

- આની ભવિષ્યવાણી અલ્બર્ટ આઇન્સ્ટાઇને એક સદી પહેલાં કરી હતી.
- ગુરુત્વીય તરંગોની સૌ પ્રથમ વ્યાખ્યા આઇન્સ્ટાઇને વર્ષ 1916માં પોતાના સાપેક્ષતાના સામાન્ય સિદ્ધાંત અંતર્ગત આપી હતી.
- જ્યારે મોટા પરંતુ સઘન પિંડ, જેવા કે બ્લેક હોલ કે ન્યુટ્રોન સ્ટાર પરસ્પર અથડાય છે તો તેમના ગુરુત્વાકર્ષણથી સમગ્ર બ્રહ્માંડમાં તરંગો ઉત્પન્ન થાય છે. તે તરંગોને ગુરુત્વીય તરંગો કહેવાય છે.

www.crackgpsc.com

- ચોથી વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં કર્ણાટકની એમ-ગવર્નેન્સ એપ એમ ગવર્નેન્સ શ્રેણીમાં સુવર્ણ ચંદ્રકથી સન્માનિત. આ દેશ અને વિશ્વનો સૌથી મોટો મોબાઈલ ગવર્નેન્સ કાર્યક્રમ છે.
- અશોક ચાવલા ટેરી (ધ એનર્જી એન્ડ રિસોર્સ ઇન્સ્ટીટયુટ)ના નવા ચેરમેન નિયુક્ત.
- 12મા દક્ષિણ એશીયાઇ રમતોત્સવની એર રાયફલ નિશાનેબાજીમાં ભારતના ચેન સિંહ ચેમ્પિયન ઘોષિત.
- ફેસબુક ઇંડિયાનાં એમ. ડી. કિર્તીગા રેડ્ડીએ રાજીનામું આપ્યું. તેઓ ભારતમાં ફેસબુકનાં પ્રથમ કર્મચારી હતાં.
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા, પ્રસિદ્ધ મલયાલી કવિ અને ગીતકાર ઓ. એન. વી. કુરૂપનું નિધન થયું.
- 69મો બ્રિટીશ એકેડમી ફિલ્મ એવોર્ડ્સ (બાફ્ટા) પુરસ્કાર :

| | |
|---|---|
| ➢ સર્વશ્રેષ્ઠ ફિલ્મ | : ધ રેવેનંટ, |
| ➢ સર્વશ્રેષ્ઠ એનીમેશન ફિલ્મ | : ઇનસાઇડ આઉટ, |
| ➢ સર્વશ્રેષ્ઠ અભિનેતા | : લિઓનાર્ડો ડી કેપ્રિઓ (ધ રેવેનંટ), |
| ➢ સર્વશ્રેષ્ઠ અભિનેત્રી | : બ્રી લાર્સન (રૂમ), |
| ➢ સર્વશ્રેષ્ઠ નિર્દેશક | : અલેજેન્દ્રો જી ઇનારીતૂ (ધ રેવેનંટ). |

- ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન એડમ વોગ્સે અણનમ રહીને 551 રનનો રેકોર્ડ બનાવ્યો. આ રેકોર્ડ અત્યાર સુધી સચિનના નામે (497 રન) હતો. રન એવરેજમાં તેમણે બ્રેડમેનને પણ પાછળ કરી દીધા.
- વેસ્ટ ઇન્ડીઝે ભારતને હરાવીને પ્રથમ વખત અન્ડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો.
- બેંક ઓફ બરોડાને 3,342 કરોડ રૂપિયાનું નુકસાન. બેંકના ત્રીજા ક્વાર્ટરમાં નોંધાયુ. જે ભારતની કોઈ પણ બેંકને થનાર અત્યાર સુધીનું સૌથી મોટું ત્રિમાસી નુકસાન છે.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ વિશ્વ ભારતી યુનિવર્સીટીના કુલપતિ સુશાંત દત્તા ગુપ્તાને બરતરફ કરી દીધા. કોઈ પણ કેન્દ્રીય યુનિવર્સીટીના કુલપતિને બરતરફ કરવાની દેશની આ પ્રથમ ઘટના છે.
- હિંદુ લગ્ન અધિનિયમ પસાર કરનાર સિંધ પ્રાંત પાકિસ્તાનનું પ્રથમ રાજ્ય બન્યું. અહીં અલ્પ સંખ્યક હિંદુ સમુદાય પોતાના લગ્નોનું રજીસ્ટ્રેશન કરાવી શકશે.
- દેશના સ્વચ્છ શહેરોની યાદીમાં મૈસુર ટોચ પર, ચંડીગઢ બીજા સ્થાને. ધનબાદ સૌથી ગંદુ શહેર ઘોષિત. સુરત છઠ્ઠા, રાજકોટ સાતમા ક્રમે.

www.crackgpsc.com

- સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસે સેંટ પીટ્સબર્ગ લેડીઝ ટ્રોફી ખિતાબ જીત્યો.
- ઝારખંડના રાંચી જીલ્લાના ગેટલસૂદ ગામમાં પ્રથમ મેગા ફૂડ પાર્કનો શુભારંભ.
- ઝડપી દોડવીર જૌના મુરમૂ અને તીરંદાજ રંજીત નાયકને ટારગેટ ઓલિમ્પિક પોડિયમ (ટીઓપી) યોજનામાં સામેલ કરવામાં આવ્યા. આ યોજનાનો હેતુ 2016માં રમાનાર ગેમ્સ અને 2020ના ઓલિમ્પિકમાં ચંદ્રક જીતવાનો છે.
- 13 ફેબ્રુઆરી 2016ના રોજ વિશ્વ રેડિયો દિવસ ઉજવાયો.
- 12મા દક્ષિણ એશીયાઇ રમતોત્સવમાં ભારતીય મહિલા ફૂટબોલ ટીમે નેપાળને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો.
- આફ્રિકન મહાદ્વીપમાંથી સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બનનાર પ્રથમ વ્યક્તિ બુતરસ ઘાલીનું નિધન.
- 12મા દ. એશીયાઇ રમતોત્સવમાં ભારતે મેડલ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવ્યું. આગામી દક્ષિણ એશિયાઇ રમતોત્સવ નેપાળમાં યોજાશે. 1985માં પ્રથમ દક્ષિણ એશિયાઇ રમતોત્સવની મેજબાની નેપાળે કરી હતી.
- ભારતીય મૂળના બ્રિટીશ ફિલ્મકાર આસિફ કપાડિયાએ દિવંગત બ્રિટીશ ગાયિકા એમી વાઈનહાઉસ પર આધારિત પોતાના વૃત્તચિત્ર માટે ગ્રેમી પુરસ્કાર મેળવ્યો.
- ફેશન ડિઝાઈનર મનીષ અરોડાને ફ્રાન્સના સર્વોત્તમ નાગરિક સન્માન નાઈટ ઓફ ધ લીઝન ઓફ ઓનરથી નવાજવામાં આવ્યા.

**લીઝન ઓફ ઓનર રાષ્ટ્રીય એવોર્ડ :**

- આ ફ્રાન્સ સરકાર દ્વારા આપવામાં આવનાર સર્વોચ્ચ નાગરિક સન્માન છે.
- આને નેપોલિયન બોનાપાર્ટ દ્વારા 1802માં શરુ કરવામાં આવ્યું હતું.
- તેને પાંચ ભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે - નાઈટ, ઓફિસર, કમાન્ડર, ગ્રાન્ડ ઓફિસર અને ગ્રાન્ડ ક્રોસ.

- ભારતીય રેલવે પ્રથમ વખત રાષ્ટ્રીય શતરંજ ટીમ ચેમ્પિયનશિપ વિજેતા બન્યું.
- ICCએ BCCI સાથે મળીને HPCA સ્ટેડીયમ, ધર્મશાળા, હિમાચલ પ્રદેશમાં ટીમ સ્વચ્છ ક્લિનિકનો શુભારંભ કર્યો.
- એપલ ઇન્કે હૈદરાબાદમાં ટેકનીક વિકાસ કેન્દ્ર (TDC) સ્થાપવાની ઘોષણા કરી. એપલ દ્વારા આ અમેરિકાની બહાર શરુ કરવામાં આવનાર પ્રથમ કેન્દ્ર હશે.
- મૂડીઝે ભારતનો આર્થિક વૃદ્ધિ દર વર્ષ 2016-17માં 7.5% રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો.

- સચિન તેંદુલકરની ઓટોબાયોગ્રાફી 'પ્લેઈંગ ઇન માય વે'એ 'લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ'માં સૌથી વધુ વેચાનાર બુકનો રેકોર્ડ બનાવ્યો. આ બુકના સહ લેખક બોરિયા મજુમદાર છે.
- પ્રખ્યાત ભારતવિદ પ્રોફેસર ડેવિડ શૂલમેનને દક્ષિણ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના ધાર્મિક અભ્યાસમાં તેમના સફળ સંશોધન માટે પ્રતિષ્ઠિત ઇસરાઈલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- ગીતકાર સમીર અંજાનનું નામ સૌથી વધુ ગીતો લખવા માટે ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધવામાં આવ્યું. તેમણે અત્યાર સુધી 3524થી પણ વધુ ગીતો લખ્યાં છે. સમીર ગીનીઝ બુકમાં નામ નોંધાવનાર પ્રથમ ગીતકાર છે. તેમનું નામ શીતલા પાંડે છે.
- ચોરવાડથી વેરાવળ સુધી ભાઇઓ માટે અને આદ્રીથી વેરાવળ સુધી બહેનો માટે ૨૯મી વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધામાં સુરતના સ્પર્ધકોનો દબદબો રહ્યો. બંને વિભાગમાં સુરતના સ્પર્ધકો વિજેતા થયા. અરબી સમુદ્રમાં ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠે દર બે વર્ષે વીર સાવરકર રાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધા યોજાય છે. ભાઇઓ માટે ચોરવાડથી વેરાવળ ૨૧ નોટીકલ માઇલ અને બહેનો માટે આદ્રીથી વેરાવળ ૧૬ નોટીકલ માઇલની સ્પર્ધા યોજાઇ હતી. ૪ કલાકથી વધુ સમય સુધી દરિયો તરીને સુરતની મોનિકા નાગપુરે પ્રથમ ક્રમે વિજેતા થઇ હતી.
- ભારતમાં પ્રથમવાર કચ્છના બિદડામાં હાથની ત્રણ આંગળી ગુમાવનારા માનવીને ૩-ડી ટેકનોલોજીના ઉપયોગથી કૃત્રિમ હાથ માટે સિલિકોનનો અંગુઠો બેસાડવામાં સફળતા મળી.
- ખયાલ ગાયકીના બાદશાહ ઉ. અબ્દુલ રશીદ ખાંનું નિધન. વડોદરામાં ૨૦૧૨માં ૧૦૩ વર્ષની ઉમરે કગાયકીનો જાદુ પાથર્યો હતો. તેઓ 'રશનપીયા' નામથી જાણીતા હતા. તેઓ દેશના એવા પ્રથમ નાગરીક હતાં કે જેઓને ૧૦૩ વર્ષની વયે પદ્મ એવોર્ડ અપાયો હતો.
- વિદેશ મંત્રાયલ દ્વારા પાસપોર્ટ સંબંધિત અરજદારોના ડોક્યુમેન્ટ જમા કરાવવા માટે દેશમાં ૮૫ પાસપોર્ટ સેવા કેન્દ્ર (પીએસકે) શરૂ કરાયાં છે, જે પૈકી ગુજરાતમાં ચાર પીએસકે (વડોદરા, રાજકોટમાં એક-એક અમદાવાદમાં મીઠાખળી, અને વિજય ચાર રસ્તા)નો સમાવેશ થાય છે. આ તમામ પીએસકે પર પેપરલેસ કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. જ્યાં અરજદારોના ડોક્યુમેન્ટ સીધા જ કોમ્પ્યુટરમાં સ્કેન કરી સોફ્ટવેરમાં અપલોડ કરી દેવામાં આવે છે. આ કામગીરીની શરૂઆત કરનાર પીએસકે ગુજરાતમાં પ્રથમ કચેરી બની છે.
- મધ્યપ્રદેશમાં શ્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો શુભારંભ કર્યો. યોજનાના માધ્યમથી ખેડૂતોના પાકનો વીમો થઇ શકશે.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર 87340 98198

www.crackgpsc.com

- કલિહો પુલે અરુણાચલ પ્રદેશના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ જે. પી. રાજખોવા છે.
- છ દિવસીય યાત્રાએ ભારત આવેલ નેપાળી વડાપ્રધાન કે. પી. શર્મા ઓલીએ 9 સમજુતીઓ પર હસ્તાક્ષર કર્યા. તે અંતર્ગત બંને દેશો વચ્ચે ટ્રાન્સપોર્ટ કોરિડોર અને નવા હાઈવે બનાવવામાં આવશે. આગામી 2 વર્ષોમાં ભારત નેપાળને 80 મેગાવોટ વીજળી આપશે.
- જે. પી. પંજાબ વોરીયર્સે હોકી ઇન્ડિયા લીગનો ખિતાબ જીત્યો.
- ક્રિસ્ટીન લગાર્ડ IFMના MD નિયુક્ત થયા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના રાજનંદગાંવ જીલ્લાના કુરુભાત નામના સ્થળેથી રાષ્ટ્રીય રૂર્બન મિશનનો શુભારંભ કર્યો.

**રૂર્બન મિશન :**

- આ યોજના સ્માર્ટ ગામડાઓનું નિર્માણ કરીને સ્માર્ટ શહેરોની પહેલની પુરક બનશે. રૂર્બન કેન્દ્રો દ્વારા આર્થિક ગતિવિધિઓને પ્રોત્સાહિત કરવામાં આવશે જેથી આસપાસના ગામડાઓમાં જનજીવનની ગુણવત્તા સુધરશે. દેશમાં 300 રૂર્બન કેન્દ્ર શરૂ કરવાનું લક્ષ્ય છે, જેમાંથી વર્ષ 2016માં 100 કેન્દ્ર શરૂ કરી દેવામાં આવશે.

**રૂર્બન મિશનના ચૌદ ઘટક :**

- કૌશલ વિકાસ પ્રશિક્ષણ કાર્યક્રમ, કૃષિ, ડિજિટલ સાક્ષરતા, સ્વચ્છતા, સ્વચ્છ પાણીની આપૂર્તિ, વેસ્ટ મેનેજમેન્ટ, માર્ગ અને ગટર, સ્ટ્રીટ લાઈટ, મોબાઈલ હેલ્થ યુનિટ, ઉચ્ચ શિક્ષણ, આંતર-ગ્રામ સડક સંપર્ક, નાગરિક સેવા કેન્દ્ર, સાર્વજનિક પરિવહન, LPG ગેસ કનેક્શન.

- ઈસરોએ ઉચ્ચ અને ક્રાયોજેનિક એન્જીન 'ક્રાયો સીઈ-20'નું સફળ પરીક્ષણ કર્યું.
- ન્યુઝીલેન્ડના ક્રિકેટર બ્રેન્ડન મેકુલમે 54 બોલમાં 100 રન બનાવીને ટેસ્ટ મેચમાં સૌથી ઝડપી સદી બનાવવાનો રેકોર્ડ બનાવ્યો.

**રીલેટેડ રેકોર્ડ :**

- સૌથી ઝડપી સદી (સમય સંદર્ભમાં)નો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના જીએમ ગ્રેગરીના નામે છે. ગ્રેગરીએ 1921માં દ. આફ્રિકા વિરુદ્ધ માત્ર 70 મિનિટમાં સદી ફટકારી હતી.
- ટેસ્ટ મેચોમાં ભારત તરફથી સૌથી ઝડપી સદીનો રેકોર્ડ કપિલદેવના નામે છે. કપિલે 1986-87માં કાનપુરમાં શ્રીલંકા વિરુદ્ધ 74 બોલમાં સદી બનાવી હતી.

- 'એશિયા બેડમિન્ટન ટીમ ચેમ્પિયનશિપ-2016'માં ઇન્ડોનેશિયા અને ચીને ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગનો ખિતાબ જીત્યો.
- 20 ફેબ્રુઆરી : વિશ્વ સામાજિક ન્યાય દિવસ.
- રોની ઓ સુલિવાને ચોથો વેલ્શ ઓપન ખિતાબ જીત્યો.
- ભારતીય મૂળના અધિકારી અમરસિંહને મલેશિયા સ્થિત ક્રુઆલાલમ્પુરના પોલીસ કમિશનર પદે નિયુક્ત કરવામાં આવ્યા. કોઈ ભારતીય મૂળના શીખ વ્યક્તિને મલેશિયન પોલીસ વિભાગમાં મળેલ આ સર્વોચ્ચ પદ છે.
- ઈટાલીયન મહિલા ટેનિસ ખેલાડી ફ્રાન્સિસકા શિયાવોને રિયો ઓપન ખિતાબ જીત્યો.
- સારા ઈરાની (ઇટાલી)એ મહિલા એકલ WTA દુબઈ ડ્યુટી ફ્રી ટેનિસ ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો.
- 21 ફેબ્રુઆરી : આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ.
- પાકિસ્તાનની સંસદ સંપૂર્ણ રીતે સૌર ઊર્જા પર ચાલનાર વિશ્વની પ્રથમ સંસદ બની. પાકિસ્તાની સંસદને મસ્જીદ-એ-શૂરાના નામથી ઓળખવામાં આવે છે.
- સંયુક્ત રાજ્ય અમેરિકા અને રશિયાએ સીરિયામાં યુદ્ધની પૂર્ણાહુતિ પર સહમતિની ઘોષણા કરી. માર્ચ 2011માં શરૂ થયેલ સંઘર્ષમાં અત્યાર સુધી 2 લાખ 50 હજારથી વધુ સીરીયન લોકો માર્યા ગયા છે.
- સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ એચ. એલ. દત્તુને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના (NHRC) પ્રમુખ ચૂંટવામાં આવ્યા.
- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક કે. એન. વ્યાસ ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (બાર્ક)ના ડિરેક્ટર નિયુક્ત.
- ફિજીમાં ઉષ્ણ કટિબંધીય ચક્રવાત વિંસ્ટનના પ્રભાવથી સેંકડો લોકો પ્રભાવિત.
- ભારતીય મૂળના કલાપ્રેમી અને નાટકકાર ઈસ્માઈલ મુહમ્મદને ફ્રાન્સ સરકાર દ્વારા નાઈટની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા.
- આરબીઆઈએ 26 નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓનું રજીસ્ટ્રેશન રદ કર્યું.




www.crackgpsc.com

- રાજેન્દ્ર સિંહ ભારતીય તટરક્ષક બળ (કોસ્ટ ગાર્ડ)ના ડાયરેક્ટર જનરલ નિયુક્ત. તેઓ બિન-નેવી ક્ષેત્રમાંથી આ પદે આવનાર પ્રથમ અધિકારી છે.
- ઓસ્ટ્રેલિયાએ ટ્રાન્સ-તસ્માન ક્રિકેટ ટ્રોફી જીતી.
- આર્થિક સમીક્ષા 2015-16માં આગામી બે વર્ષમાં ભારતનો વિકાસ દર 8%થી પણ વધુ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો.
- યસ બેંકને ભારતના વિકસતા બજારોમાં અગ્રણી હોવાને લીધે લંડન સ્ટોક એક્સચેન્જ (LSE), લંડનમાં ગ્રીન બોન્ડ પાયોનીયર પુરસ્કાર આપવામાં આવ્યો.
  - **યસ બેંક** : ભારતની પાંચમી સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંક. પાછલા બે દાયકામાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા ગ્રીનફિલ્ડ બેંક લાયસન્સથી સન્માનિત આ એક માત્ર બેંક છે.
- જાપાની વાહન નિર્માતા કંપની હોન્ડા મોટરે યોચિરો યૂનોને ભારતમાં કંપનીના સંચાલન માટે CEO અને અધ્યક્ષ નિયુક્ત કર્યા.
- સ્વિત્ઝરલેન્ડના ગિયાની ઇન્ફેન્ટીનો ફીફાના નવા અધ્યક્ષ બન્યા.
- બાંગ્લાદેશી ક્રિકેટર મુર્તઝા સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના 'યુવાઓ માટે રાષ્ટ્રીય સદભાવના દૂત' નિયુક્ત. તેઓ બાંગ્લાદેશમાં યુવાઓના વિકાસ માટે સદભાવના રાજદૂત તરીકે નિયુક્ત થનાર પ્રથમ વ્યક્તિ બન્યા.
- મુંબઈ પોલિસે 16 સ્થળ 'નો સેલ્ફી' ક્ષેત્ર ઘોષિત કર્યા. સમુદ્ર કિનારે સ્થિત આ લોકપ્રિય સ્થાનોમાં બાન્દ્રા, બેંડસ્ટેન્ડ, મરીન ડ્રાઈવ અને જુહૂ ચોપાટી સામેલ છે.
- મુબઈએ સૌરાષ્ટ્રને હરાવીને 41મી વખત રણજી ટ્રોફી જીતી.
- અલ્ટ્રાટેક સિમેન્ટે જેપી એસોસિએટ્સના સિમેન્ટ ઉદ્યોગનું અધિગ્રહણ કર્યું.
- સ્વીત્ઝરલૅન્ડના સ્ટેનીસલાસ વાવરિન્કાએ દુબઈ એટીપી ટેનિસનો પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- 28 ફેબ્રુઆરી 2016ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો.

**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ :**

- રમન પ્રભાવ (ફોટોન્સ વિખરવાની ઘટના)ની શોધ 28 ફેબ્રુઆરીના દિવસે મહાન વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર વેંકટ રમને 1928માં કરી હતી. આના અનુસંધાનમાં આ દિવસ સાયન્સ ડે તરીકે ઉજવાય છે.
- આ શોધ માટે સર રમનને 1930માં ભૌતિકશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર પણ મળ્યો હતો.
- વિજ્ઞાન ક્ષેત્રે ભારતને આ પ્રથમ નોબલ પુરસ્કાર મળ્યો. પ્રથમ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 28 ફેબ્રુઆરી 1987ના રોજ ઉજવાયો.

www.crackgpsc.com

- આર્થિક બાબતોના વિભાગના એડીશનલ સચિવ દિનેશ શર્મા આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ કોષ (IFAD)ની ગવર્નીંગ કાઉન્સિલના અધ્યક્ષ ચૂંટાયા.

> **આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ કોષ :**
>
> ➢ સંયુક્ત રાષ્ટ્રોની વિશેષ એજન્સી IFADની રચના વર્ષ 1977માં થઇ. તેના બે મુખ્ય વહીવટી એકમો ગવર્નીંગ કાઉન્સિલ અને કાર્યકારી મંડળ છે. નિર્ણય લેવાનો સર્વોચ્ચ અધિકાર ગવર્નીંગ કાઉન્સિલ પાસે છે. ભારત IFADનું એક સંસ્થાપક સભ્ય છે. નાઈજીરિયાના કનાયો એફ ન્વાંજે આના અધ્યક્ષ છે.

- હાશિમ થાચી કોસોવોના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.



www.crackgpsc.com

# ઓસ્કાર એવોર્ડ

## ૪૪મો એકેડમી પુરસ્કાર:

પુરસ્કાર સમારોહ લોસ એન્જેલસમાં હોલીવુડના ડોલ્બી થિયેટરમાં યોજાયો. એકેડમી પુરસ્કારને ઓસ્કાર એવોર્ડ પણ કહેવાય છે.

- ✓ શ્રેષ્ઠ ફિલ્મ : સ્પોટલાઈટ
- ✓ શ્રેષ્ઠ ડાયરેક્ટર : એલેજાન્દ્રો જી ઇનારિતુ (ધ રેવનેંટ)
- ✓ શ્રેષ્ઠ અભિનેતા : લિયોનાર્ડો ડી કેપ્રિયો (ધ રેવેનંટ)
- ✓ શ્રેષ્ઠ અભિનેત્રી : બ્રી લાર્સન (રૂમ)
- ✓ શ્રેષ્ઠ સહાયક અભિનેતા : માર્ક રેલાંસ (બ્રિજ ઓફ સ્પાઈઝ)
- ✓ શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી : અલીસિયા વિકાંડર (ધ ડેનિશ ગર્લ)
- ✓ શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઈન : જેની બીવાન (ફિલ્મ : મેડ મેક્સ-ફ્યુરી રોડ)
- ✓ શ્રેષ્ઠ મેક અપ અને હેર સ્ટાઈલ : મેડ મેક્સ-ફ્યુરી રોડ
- ✓ બેસ્ટ લાઇવ એક્શન શોર્ટ ફિલ્મ : સ્ટટરર
- ✓ શ્રેષ્ઠ વિદેશી ભાષા ફિલ્મ : સન ઓફ સાઉલ (હંગરી)
- ✓ શ્રેષ્ઠ સાઉન્ડ મિક્સિંગ : મેડ મેક્સ-ફ્યુરી રોડ
- ✓ શ્રેષ્ઠ સાઉન્ડ સંપાદન : મેડ મેક્સ-ફ્યુરી રોડ
- ✓ શ્રેષ્ઠ વિઝ્યુઅલ ઈફેક્ટ : એક્સ મેચિના (ફિલ્મ 'મેડ મેક્સ-ફ્યુરી રોડ' માટે)
- ✓ શ્રેષ્ઠ એનીમેટેડ ફીચર ફિલ્મ : ઇનસાઈડ આઉટ
- ✓ બેસ્ટ સિનેમાટોગ્રાફી : રસેલ મેક એડમ્સ (ફિલ્મ : ધ રેવેનંટ)
- ✓ શ્રેષ્ઠ એડીટીંગ : માર્ગરેટ સિક્સલ (મેડ મેક્સ-ફ્યુરી રોડ)



## ઓસ્કાર એવોર્ડ અંગે જાણવા જેવી ખાસ વાતો

- ✓ ઓસ્કાર સમારોહના પ્રચાર- પ્રસાર માટે દર વર્ષે લગભગ 10 કરોડ ડોલરથી 50 કરોડ ડોલરનો ખર્ચ થાય છે.
- ✓ એવોર્ડ જીતનાર ફિલ્મને 30 લાખ ડોલરની વધારાની આવક થાય છે.




- ✓ ઓસ્કારના ઈતિહાસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ નામાંકન મેળવનાર ફિલ્મ 'ટાઈટેનિક' છે. આ ફિલ્મને 14 કેટેગરીમાં નોમિનેટ કરાઈ હતી.
- ✓ વર્ષ 1973માં રિલીઝ થયેલી ફિલ્મ 'પેપર મૂન' માટે ટૈટમ ઓ'નીલને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો ત્યારે તે માત્ર 10 વર્ષની હતી. જે સૌથી નાની વયમાં ઓસ્કાર મેળવનાર કલાકાર છે.
- ✓ 'ધ ગોડફાધર:પાર્ટ-2' ઓસ્કારના ઈતિહાસની એકમાત્ર એવી સીક્વલ ફિલ્મ છે જેને બેસ્ટ પિક્ચરનો એવોર્ડ મળ્યો હતો.
- ✓ ઓસ્કાર સમારોહ દરમિયાન કોઈ પણ વિજેતા માત્ર 45 સેકન્ડ જ ભાષણ આપી શકે છે.
- ✓ ઓસ્કારના ઈતિહાસમાં સૌથી સફળ ફિલ્મ 'બેન-હર', 'ટાઈટેનિક' અને 'લોર્ડ ઓફ ધ રિંગ્સ : ધ રિટર્ન ઓફ ધ કિંગ' રહી છે. આ ત્રણેય ફિલ્મોને 11-11 ઓસ્કાર મળ્યા હતા.
- ✓ સૌથી પહેલો ઓસ્કાર 1929માં અપાયો હતો. તે સમારોહ હોલિવૂડ રૂઝવેલ્ટ હોટલમાં યોજાયો હતો.
- ✓ પહેલી વાર ટીવી પર આ એવોર્ડ સમારોહ 1953માં દેખાડવામાં આવ્યો. જો કે હવે અંદાજે 200 દેશમાં તેનું જીવંત પ્રસારણ થાય છે.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

www.crackgpsc.com

# બજેટ 2016-17

- નવ પ્રમુખ ક્ષેત્રો : કૃષિ, ગ્રામ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક વિકાસ, શિક્ષણ અને કૌશલ વિકાસ,, જીવન સ્તરમાં સુધારો, નાણાકીય, વેપારમાં સુગમતા અને કર સુધારા પર કેન્દ્રિત.
- ગ્રામીણ ક્ષેત્ર પર ખાસ ભાર.
- રૂરલ સેક્ટર માટે 87,761 કરોડ રૂપિયા.
- મનરેગા માટે 38,500 કરોડ રૂપિયા.
- પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના માટે 2016-17માં 19,000 કરોડ રૂપિયા.
- પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના માટે 5500 કરોડ રૂપિયા.
- ખેડૂત કલ્યાણ માટે 35,984 કરોડ રૂપિયા.
- પાંચ વર્ષમાં સિંચાઈ પર 86,500 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.
- પરંપરાગત કૃષિ વિકાસ યોજના, ઓર્ગેનિક ચેન ફાર્મિંગ જેવી યોજનાઓ માટે લગભગ 400 કરોડ રૂપિયા.
- નાબાર્ડમાં 20,000 કરોડ રૂપિયાના ફંડ સાથે લાંબા ગાળાનો એક સમર્પિત સિંચાઈ ફંડ.
- મનરેગા હેઠળ પાંચ લાખ તળાવ અને કૂવાઓનું નિર્માણ.
- 14 એપ્રિલ, 2016ના ડૉ. આંબેડકર જયંતિના દિવસે કેન્દ્રીય કૃષિ બજારનું ઈ-માર્કેટિંગ પ્લેટફોર્મ શરુ કરાશે.
- પાંચ લાખ એકરમાં જૈવિક ખેતી.
- 1 મે, 2018 સુધી 100% ગ્રામ્ય વિદ્યુતીકરણ.
- ગામડાઓમાં વીજળીકરણ માટે 8,500 કરોડ રૂપિયા.
- દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના માટે 8,500 કરોડ રૂપિયા.
- ભૂગર્ભ જળ વધારવાના પ્રયાસો માટે 60,000 કરોડ રૂપિયા.
- રોડ અને હાઈવેઝ માટે 55,000 કરોડ રૂપિયા.
- ઉચ્ચ શિક્ષણ માટે 1000 કરોડ રૂપિયા.
- સર્વ શિક્ષા અભિયાન પર ખાસ ભાર, 62 નવી નવોદય શાળાઓ ખોલવામાં આવશે.
- 15,000 સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર ખુલશે. સ્કિલ ડેવલપમેન્ટ માટે 17,000 કરોડ રૂપિયા.
- પીપીપી મોડલ હેઠળ નેશનલ હેલ્થ સ્કીમ લાગુ કરવામાં આવશે.
- 2016-17માં દોઢ કરોડ ગરીબ કુટુંબોને રસોઈ ગેસ કનેક્શન માટે 2,000 કરોડ રૂપિયા.
- મહિલાઓના નામે LPG કનેક્શન આપવામાં આવશે.

www.crackgpsc.com

- રાષ્ટ્રીય ડાયાલિસીસ યોજના હેઠળ દેશના દરેક જીલ્લામાં બેઝિક કસ્ટમ ડ્યુટી અને એક્સાઈઝ ડ્યુટીમાં રાહત.
- સ્કુલ પ્રમાણપત્રોને સુરક્ષિત રાખવા માટે ડિજીટલ ડીપોઝીટરી ખોલવામા આવશે.
- સ્વચ્છ ભારત મિશન માટે 9,000 રૂપિયા.
- સરકાર 300 'આર અર્બન' સંકુલોનો વિકાસ કરશે.
- સાગરમાલા પરિયોજના માટે 8,000 કરોડ રૂપિયા.
- વ્યક્તિગત આવકવેરા દરોમાં કોઈ ફેરફાર નહી.
- 5 લાખ રૂપિયા સુધીની આવકવાળા વ્યક્તિઓ પર વેરાનો બોજ ઓછો કરવા માટે કર રાહતની અધિકતમ મર્યાદા 2000થી વધારીને 5000 રૂપિયા.
- ભાડાના મકાનમાં રહેનારાઓને 24,000 રૂપિયા વાર્ષિકને બદલે હવે 60,000 રૂપિયાની કર રાહત.
- પ્રથમ વખત ઘર ખરીદનારાઓને 50 લાખ રૂપિયા સુધીના ઘર પર 50,000 હજાર રૂપિયાની વધારાની છૂટ,
- વાર્ષિક 10 લાખ રૂપિયાથી વધુના લાભાંશ પર 10%નો વધારાનો કર.
- એક કરોડ રૂપિયાથી વધુ આવક પર 15%નો અધિભાર.
- ભારતમાં ઉત્પાદિત અને ભારતમાં તૈયાર ખાદ્ય ઉત્પાદનો પર 100% FDIની મંજુરી.
- ચાંદી સિવાયનાં અન્ય આભૂષણો પર એક ટકાનો ઉત્પાદન કર.
- દેશમાં કાળું ધન રાખનારાઓ માટે કર-કાનૂન અનુપાલન માટે ચાર માસની તક. તેમની પર 45% કર અને વ્યાજ લાગશે.
- સ્ટાર્ટ અપ્સને ત્રણ વર્ષ સુધી 100% કર રાહત. પરંતુ મેટની રાહત નહિ. મેટ એપ્રિલ 2016-2019 સુધી લાગશે.
- સ્ટેન્ડ અપ ઇંડિયા માટે 500 કરોડ રૂપિયાની ફાળવણી.
- તમામ સેવાઓ પર અડધા ટકાનો કૃષિ કલ્યાણ ઉપકર.
- ગાર 1 એપ્રિલ, 2017થી લાગુ.
- બીડી સિવાયના અન્ય તમાકુ ઉત્પાદનો પર ઉત્પાદન કર 10%થી વધીને 15%.
- સાર્વજનિક ક્ષેત્રની બેંકોના પુન: મૂડીકરણ માટે 25,000 કરોડ રૂપિયા.
- ફૂડ પ્રોસેસિંગમાં 100% વિદેશી રોકાણ.
- પોસ્ટ ઓફીસમાં એટીએમ સુવિધા શરુ થશે.
- ત્રણ વર્ષ સુધી કર્મચારીઓનો પીએફ સરકાર આપશે.
- આધાર કાર્યક્રમને બંધારણીય દરજ્જો.

www.crackgpsc.com

# રેલ બજેટ 2016-17

રેલમંત્રી સુરેશ પ્રભાકર પ્રભુએ **25** ફેબ્રુઆરીના રોજ વર્ષ **2016-17**નું રેલ બજેટ લોકસભામાં રજુ કર્યું. કુલ **1,21,000** કરોડ રૂપિયાનો બજેટ પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો.

રેલ બજેટ **2016-17**નું આદર્શ વાક્ય **(Theme)** 'ચલો મિલકર કુછ નયા કરે' (આવો સાથે મળીને કંઇક નવું કરીએ) છે.

આ સાથે જ રેલ-બજેટ **2016-17**ના ત્રણ આધાર સ્થંભ : નવ-અર્જન **(New Revenues)**, નવ-માનક **(New Norms)**, નવ-સંરચના **(New Structures)** નક્કી કરવામાં આવ્યા.

## રેલ બજેટ સંક્ષિપ્તમાં :

- પ્રવાસી ભાડામાં કોઈ વધારો નહિ.
- 33% સીટ મહિલાઓ માટે આરક્ષિત.
- ટ્રેનના દરેક કોચમાં જીપીએસ સિસ્ટમ.
- રેલવે દુર્ઘટનાને શૂન્ય કરવાનું લક્ષ્ય.
- આ સાલને અંતે 17000 બાયો ટોયલેટ બનશે.
- પ્રથમ બાયો વેક્યુમ ટોયલેટ ડિબ્રુગઢ રાજધાની ટ્રેનમાં બનશે.
- ટ્રેનની અંદર FM રેડિઓની સુવિધા.
- વડોદરામાં રેલવે યુનિવર્સીટી સ્થાપિત કરવાની ઘોષણા.
- સામાન્ય પ્રવાસીઓ માટે 'અંત્યોદય' એક્સપ્રેસ. એના તમામ કોચ અનારક્ષિત હશે.
- ઉદય, તેજસ, હમસફર નામથી નવી એક્સપ્રેસ ટ્રેન.
- 'હમસફર' સંપૂર્ણ રીતે વાતાનુકુલિત ડબ્બાઓવાળી ટ્રેન હશે.
- 'ઉદય' ટ્રેનને રાત્રિ ડબલ ડેકર ટ્રેન તરીકે ચલાવવામાં આવશે.
- 'તેજસ' ટ્રેન 130 કિમી/કલાકની ઝડપે દોડશે.
- ધાર્મિક પર્યટન માટે 'આસ્થા શક્તિ' નામથી ટ્રેન સેવા.
- રેલવે ટિકિટની ફોર્જરીથી બચવા માટે બાર કોડ યુક્ત ટિકિટ.
- પ્રવાસીઓની ફરિયાદો માટે નવી ફોન લાઈન 182નો પ્રારંભ થશે.

www.crackgpsc.com

- નવા નાણાકીય વર્ષમાં 400, આગામી બે વર્ષોમાં તમામ રેલવે સ્ટેશનોને વાઈ-ફાઈ યુક્ત કરવાં.
- વર્ષ 2020 સુધી તમામ માનવ રહિત રેલવે ફાટક દૂર કરાશે.
- તમામ મોટાં સ્ટેશનો પર સીસીટીવી કેમેરા અને મહિલાઓ માટે હેલ્પ લાઇન.
- રેલવે વિદ્યુતીકરણ ખર્ચમાં 50% વૃદ્ધિ, 2000 કિમી રેલ માર્ગનું વિદ્યુતીકરણ.
- રેલવેમાં તમામ પદો માટે ઓનલાઈન ભરતી.
- 400 સ્ટેશનોને ખાનગી ભાગીદારીથી ડેવલપ કરવામાં આવશે.
- ભારતનું પ્રથમ રેલવે ઓટો કેન્દ્ર ચેન્નાઈમાં શરુ કરવામાં આવશે.
- અમદાવાદથી મુંબઈ સુધી હાઈસ્પીડ ટ્રેન.
- કુલીઓને સહાયક કહીને બોલાવવામાં આવશે.

www.crackgpsc.com



## રેલ બજેટનાં મહત્વપૂર્ણ તથ્ય

- ભારતીય રેલ બજેટ ભારતીય સંસદીય પ્રણાલીની એક અનોખી વિશેષતા છે.
- ભારત દુનિયાનો પ્રથમ દેશ છે જ્યાં પરિવહન ક્ષેત્ર માટે એક વિશેષ બજેટની જોગવાઈ છે.
- ભારતીય રેલ બજેટ એક વિશેષ બજેટ છે જે સામાન્ય બજેટથી તદ્દન અલગ છે.
- આ સૌપ્રથમ 10 સદસ્યીય એક્વોર્થ સમિતિની ભલામણ પર 1924માં રજુ કરવામાં આવ્યું હતું.
- બ્રિટીશ સરકાર દ્વારા 1921માં રેલવેના નાણાકીય પ્રદર્શનમાં સુધારા માટે બનેલ જે સમિતિના અહેવાલને આધારે રેલ બજેટ રજુ કરવાની ભલામણ કરવામાં આવી હતી તેના અધ્યક્ષ અર્થશાસ્ત્રી વિલિયમ મિશેલ એક્વોર્થ હતા.
- આ લોકસભામાં ધન વિધેયક તરીકે કેન્દ્રીય રેલ મંત્રી દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે.
- રેલ બજેટનું સીધું પ્રસારણ 24 માર્ચ 1994થી શરુ થયું.
- ભારતીય બંધારણમાં ક્યાંય પણ રેલ બજેટ જેવા શબ્દનો ઉલ્લેખ નથી.
- આને બંધારણની કલમ 112 અને 204 અંતર્ગત જ લોકસભામાં રજુ અને પસાર કરવામાં આવે છે.
- ભારતીય રેલ, ભારતમાં એક સૌથી મોટું સાર્વજનિક ક્ષેત્રનું યુનિટ (પીએસયુ) છે. આ લગભગ 13.6 લાખ લોકોને રોજગાર આપે છે.
- ભારતમાં પ્રથમ પેસેન્જર ટ્રેન 16 એપ્રિલ 1853માં મહારાષ્ટ્રના મુંબઈ અને થાણે વચ્ચે શરુ થઇ હતી.
- દિલ્હીના ચાણક્યપુરીમાં સ્થિત રેલવે સુચના પ્રણાલી (સીઆરઆઈએસ) દ્વારા પ્રથમ વખત 1986માં રિઝર્વેશન પ્રણાલીની શરૂઆત કરવામાં આવી.
- બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવના નામે સતત છ વખત રેલ બજેટ પ્રસ્તુત કરવાનો રેકોર્ડ છે.
- મમતા બેનરજી રેલ બજેટ પ્રસ્તુત કરનાર પ્રથમ મહિલા રેલ મંત્રી છે.

www.crackgpsc.com

તમામ UPDATES મેળવવા ફેસબૂક પેજ લાઈક કરો.
www.facebook.com/crackgpsc


અપ-ડાઉન કરતાં કરતાં મેં
GPSC ની તૈયારી કરી લીધી
crackgpsc.com
પરથી...
CRACK GPSC
અભ્યાસ/જોબ સાથે ઓછા સમયમાં ઘરે
બેઠાં GPSCની સંપૂર્ણ તૈયારી
જનરલ નોલેજના 10,000થી વધુ પ્રશ્નો
ફ્રી કરન્ટ અફેર્સ મન્થલી મેગેઝીન
UPSC/GPSC માં સફળ ઉમેદવારોના માર્ગદર્શન
અને નોટ્સના આધારે તૈયાર કરેલ મટીરીયલ
કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી
UPSC / GPSC / Dy. Mam / Dy. SO /
PI / PSI / SSC / Chief Officer / IBPS /
RAILWAY / LIC / CAT / HTAT / TAT /
TET / TALATI / CLERK / SPIPA Entrance
આ સાઈટની મુલાકાત વિના...
GPSC ની તૈયારી અધૂરી
Crack GPSC easily with...
crackgpsc.com